# Fun with Family

Day-53 | 21 May, 2020



## "FWF Song"

ક્રિકેટ, કબડી, ફૂટબોલ
બહાર ન રમાય બીજું કાંઈક બોલ...
રમીએ કેરમ ને પત્તાનું ઘર,
તેમાં પણ થઈ ગયા સૌ બોર...
ચાલો... કરીએ કાંઈક નવી Activity.
આવી ગયું છે...
Fun with Family





## "થોડું હસોને !"

ચાલો, આખો પરિવાર મળીને હસીએ... લીંક દબાવો, વિડીયો માણો અને હસો.

https://bit.ly/3cV9bw8

## "Professor Knowledge"

મિત્રો, આજે વિજ્ઞાનનો એક જાદુ જોઈશું અને એક નવો નિયમ પણ શીખીશું... લીંક દબાવો અને શીખો... પણ હા! ઘરમાં તે વસ્તું બનાવી બધા સભ્યોને દેખાડજો.

https://bit.ly/2To4weh



## ‘‘ચકલીનાં દાણાં’’



મને ખબર છે તમે ક્યારના
રમત શોધો છો... બરાબરને ??...
આ રહી રમત..
જલ્દી લીંક દબાવો અને
રમત શીખો...

https://bit.ly/2WNJQyn

## “I LOVE INDIA”

બાળમિત્રો, ભારત આપણો દેશ છે... તેનો નકશો બનાવતા આપણને આવડવો જ જોઈએ... આજે આપણે ભારતનો નકશો બનાવી તેમાં તિરંગો કલર પૂરીશું...
લીંક દબાવો અને શીખો...

https://bit.ly/2ZlsKtj



## ‘‘છોટા બચ્ચા’’



Friends, આપણી ગુજરાતી ભાષામાં દરેક પશુનાં બચ્ચા માટે જુદા-જુદા નામ નક્કી થયેલા છે... ચાલો, આજે તે અદ્‌ભુત માહિતી મેળવીએ...
લીંક દબાવો અને જાણો.

https://bit.ly/2Xds5Yd

## “સફાઇ સેવક”



બાળમિત્રો, રૂપ બદલીને
‘સફાઇ સેવક’ તરીકે તૈયાર થઇ
જાઓ... આજે આપણે કપડાં મૂકવાનો
કબાટ સાફ કરીશું અને કપડાં બરાબર
સંકેલીને ગોઠવીશું.



## “અફલાતુન રેસ”

પરિવારના સભ્યોને ભેગા કરો...
આ રમતમાં બધાએ ભાગ લેવાનો છે...
લીંક દબાવો અને રમત શીખો...

https://bit.ly/3g74gKd

## “મેળવો રાજીપો”



બાળમિત્રો, આજે સહજાનંદ નામાવલીનાં
આગળનાં ૧૦ નામનો અર્થ સમજી મુખપાઠ
કરીએ અને ક્વીઝનો આનંદ માણીએ...

અર્થ : https://bit.ly/2SWDPNm

ક્વીઝ : https://bit.ly/3bQWVeu

# “My Guru, My Life”

બાળમિત્રો, સ્વામીશ્રીએ આપણાં માટે એક આશીર્વાદ પત્ર મોકલ્યો છે. જે આપણને અહીં વાંચવા મળશે... જેમાં સ્વામીશ્રીના સુંદર અક્ષરના દર્શન થશે.... લીંક દબાવો અને પત્ર વાંચો અને તેમાં સ્વામીશ્રી આપણને શું સંદેશ આપે છે ? તે જાણો...

https://bit.ly/2ZlI7Cb




“Happy Family”
Albatross Family

# ‘‘મગજમારી’’

Write the color names and complete the puzzle






## Turn the pyramid upside down by only moving 3 coin

In the picture, you can see a pyramid that is made of ten coins.

By moving only 3 coin, can you turn the pyramid upside down?

# "હસો અને હસાવો"



ભોલુરામ મુંબઈ ગયા. રેલવે સ્ટેશન પર છાપાવાળાને કહ્યું : ભાઈ મને એક છાપું આપ...

છાપાવાળો : ક્યું આપું બોલો...? ગુજરાતી, હિન્દી કે અંગ્રેજી ?

ભોલુરામ : જે આપવું હોય તે આપને, મારે તો નીચે પાથરીને બેસવું જ છે ભાઈ !

❖ ❖ ❖



ગંગુબાઈ : પોલીસ સાહેબ ! મારા પતિ પાંચ દિવસ પહેલાં શાકમાર્કેટમાં કોબીજ લેવા ગયા હતા. હજુ પાછા નથી આવ્યા...!

પોલીસમેન : ...તો એમાં અહીં આવવાની ક્યાં જરૂર હતી ? કોબીજ ના મળી તો કોઈ બીજું શાક બનાવી લેવું જોઈએને ?

❖ ❖ ❖



છાપરામાંથી પાણી ટપકતું બંધ કરવા ભોલુરામે કડિયાને બોલાવ્યો.

કડિયો : તમને ખબર કેવી રીતે પડી કે તમારા છાપરામાંથી પાણી ટપકે છે ?

ભોલુરામ : કાલે રાત્રે શરબત પૂરો કરતાં મારે બે કલાક લાગ્યા ત્યારે.

❖ ❖ ❖



એકવાર એક પોલીસ ઇન્સ્પેક્ટર એક ગામડામાં ગયા. ત્યાં એક અભણ ખેડૂત તેમની વાત સમજી શકતો નહોતો. તેથી ગુસ્સે થઈને બોલ્યા : યુ બ્લડી ફૂલ !

ખેડૂત : (ગભરાઈને) મા-બાપ ! ફૂલ તો તમે ... અમે તો તમારાં ડાળી-પાંદડાં..!

# “સંત તુલસીદાસ ”




સંત તુલસીદાસનો જન્મ સને ૧૫૩૨માં કાશીનગરીમાં થયો હતો. બાળપણથી તેઓ શ્રીરામની ભક્તિમાં ડૂબેલા રહેતા. તેથી લોકો તેમને ‘રામબોલા’ કહેતા. નાનપણમાં તેમણે સંસ્કૃત અને અન્ય વિદ્યાનું શિક્ષણ મેળવ્યું હતું.




તુલસીદાસનાં લગ્ન ‘રત્નાવલી’ નામની સુંદર સ્ત્રી સાથે થયાં હતાં. એકવાર રત્નાવલી પિયર ગયાં હતાં. તુલસીદાસને તેમને મળવાનું મન થઈ ગયું. લોકલાજની પરવા કર્યા વિના તેઓ ઘરેથી તુરંત જ ચાલી નીકળ્યા.




ધોધમાર વરસાદ પણ તેમને અટકાવી ન શક્યો. કારણ કે તુલસીદાસને પત્નીની રટના લાગી હતી. અંધારી રાતે એક મડદાને તરાપો માની તુલસીદાસે નદી પસાર કરી ! અને સાપને દોરડું માની પત્નીના ઓરડામાં પ્રવેશ્યા !

રત્નાવલીએ આવી આસક્તિ જોઈ તુલસીદાસને શિખામણ આપી :

‘જૈસી પ્રીત હરામ સે,
વૈસી હરિ સે હોય;
ચલા જાય વૈકુંઠ મેં,
પલ્લા ન પકડે કોય.’

(એટલે કે જેવો પ્રેમ તમને મારામાં છે, તેવો ભગવાનમાં થાય તો તમારો મોક્ષ થઈ જાય.)




તુલસીદાસને આ વચનો હૃદયમાં ઘા પમાડી ગયાં. તેમણે સંસાર છોડી દીધો અને શ્રીરામ ભગવાનના મહિમાવાળા ‘રામચરિત માનસ’ વગેરે અનેક ગ્રંથોની રચના કરી. તેમની ભક્તિ સ્વીકારી શ્રીરામ અને લક્ષ્મણે ચિત્રકૂટમાં તેમને દિવ્ય દર્શન આપ્યાં હતાં.




એકવાર અકબર રાજાએ સન્માન કરવા તુલસીદાસને ફતેહપુર સીક્રી બોલાવ્યા હતા, પણ તેઓ સવિનય ગયા ન હતા. વર્ષો બાદ જહાંગીર રાજા પણ સામે ચાલીને તેમનાં દર્શને આવ્યા હતા, પણ રાજાએ આપેલું ધન તુલસીદાસે સ્વીકાર્યું ન હતું.




બોધ : આપણને જેવો આ દુનિયામાં, આપણા શરીરમાં અને સગાં-સંબંધીમાં પ્રેમ છે, તેવો ભગવાન અને સંતમાં થાય, તો આપણું અક્ષરધામ પાક્કું. ભગવાનના સાચા ભક્ત માટે ભગવાન જ ધન છે.

# "This is Gurubhakti"

Even thousands of years ago, science, geography, economics, maths, architecture, music, dance, medicine, weaponry and many other fields were being taught in gurukuls. But along with these fields, character and seva were given just as much importance.





Dhaumya rishi's ashram was filled with students. Among them was a very smart and obedient student named Aruni.



Once, as Aruni was returning to the ashram with a bundle of wood, rain began to pour down. Aruni saw that the dirt mounds used to hold in water had washed away; all the water was flowing out of the farm.



Aruni was reminded of his guru. He felt as if his guru was commanding him, "Son, all the water will flow away. You should fix the mounds yourself." Aruni respected the command.

Aruni tried tirelessly to fix the levees. But they would not hold. Aruni suddenly had an idea, "What if I become the mound?" Aruni laid down in the ditch and the leak was stopped.





By evening the rain had stopped. Aruni, however, had still not made it to the ashram. Guru Dhaumya and a few students went out to look for him. "Aruni! Where are you? It's so cold. Aruni!"

When they came to the farm they saw Aruni lying in the ditch. He was covered with mud and dirt. It was cold and he was drenched but Aruni had not given up his seva.





"Wow, Aruni," Guruji said. "You must be commended. You did not give up your guru's seva. You are so young but you have such high knowledge of your duty. I bless you that you will surely become a brahmagnani!


















Friends, આપને ખૂબ જ આનંદ થશે કે...
"Fun with Family" ની બધી activity દેશ-વિદેશમાં
રહેતા આપણા બાળમિત્રો ખૂબ જ સારી રીતે કરી રહ્યા છે...
તો આવો... તે સૌ બાળમિત્રોએ અને તમે મોકલેલા
ફોટોગ્રાફ્સને જોઈએ અને આનંદ કરીએ...
નીચેની લીંક દબાવવાથી આપ તે બધા જ ફોટોગ્રાફ્સ જોઈ શકશો.

https://bit.ly/2LIpmAD



# આપનો ડૉક્ટર મિત્ર

## અને હા...
## આટલું તો ખાસ ધ્યાન રાખીશું...



ઉધરસ/છીંક આવે
તો રૂમાલ રાખીને ખાશો.



ઘરમાં એકબીજા સભ્યોથી
દૂર રહો.



દર ૨૦ મિનિટે સાબુથી
ઘસીને હાથ ધોઈ
નાંખશો.



ઘરની બહાર નીકળવું
નહિ.



આંખ, મોઢું, નાકને સ્પર્શ
કરવાનું ટાળો.

નોંધ : બાળમિત્રો, આપના દ્વારા થતી પ્રવૃત્તિના સુંદર ફોટોગ્રાફ્સ રોજ અમને પ્રાપ્ત થાય છે. જ્યારે આપ ફોટા મોકલો ત્યારે **નીચેની લીંક** પર જે રીતે માર્ગદર્શન આપવામાં આવ્યું છે તે જ રીતે ફોટા મોકલશો. ફોટાની અંદર જ **તમારે તમારું નામ અને શહેરનું નામ** લખીને મોકલવાનું રહેશે. જો તે પ્રમાણેનો ફોટો નહીં હોય તો અહીં **મૂકવામાં આવશે નહીં.** તેની અવશ્ય નોંધ લેશો. ( **9998999209)**

https://bit.ly/2UF4j7o

**વિશેષ નોંધ : ૧. એક્ટિવિટી દીઠ એક જ ફોટોગ્રાફ મોકલવો.**
**૨. આજની એક્ટિવિટી સિવાયની અન્ય બીજી કોઈ એક્ટિવિટી કે પ્રવૃતિના ફોટોગ્રાફ્સ મોકલીશું નહિં.**

**જય સ્વામિનારાયણ**

http://kids.baps.org | https://www.baps.org

**પ્રયોજક : બાળપ્રવૃત્તિ મધ્યસ્થ કાર્યાલય, બી.એ.પી.એસ. સ્વામિનારાયણ સંસ્થા, અમદાવાદ.**
**પ્રેરક : પરમ પૂજ્ય મહંતસ્વામી મહારાજ**